**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# ધો-૧૦ પછી વાલીઓની કોચીંગ કલાસ તરફ દોટ!!

## નીટ-જેઈઈ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે શાળાનો અભ્યાસ નામનો બન્યો : ખાનગી કલાસીસની બોલબોલા વધી : ગ્રામીણ વિસ્તારના વાલીઓનો ગાંધીનગર તરફ જયારે ગાંધીનગરના વાલીઓનો અમદાવાદ તરફ ઝોક વધ્યો

ગાંધીનગર, તા.૧૩

એક તરફ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાઓ પછી બાળકો વેકેશનનો આનંદ માણવામાં મશગુલ છે ત્યારે આ બાળકોના વાલીઓ તેમના પરિણામ શું આવશે તેના કરતા પણ વધારે હવે કયા કોચીંગ કલાસમાં પ્રવેશ મેળવવો તેની અવઢવમાં છે. ખાસ કરીને ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ લેવા માંગતા વિદ્યાર્થીઓના વાલીઓ કોચીંગ કલાસ તરફ દોટ મુકી રહ્યા છે. જેમાંથી શહેરના કેટલાક વાલીઓ તો કોચીંગ કલાસ માટે અમદાવાદ રહેવા જવા સુધ્ધાંની તૈયારીઓ કરી ચુકયા છે. બીજી તરફ ગાંધીનગર અને સાબરકાંઠા, મહેસાણા જિલ્લાના ગ્રામીણ વિસ્તારના વાલીઓ ગાંધીનગરમાં શીફટ થઈ રહ્યા છે.

હાલની શિક્ષણ પધ્ધતિ અનુસાર ધો-૧૨ પછી મેડીકલ કે એન્જિનીયરીંગ જેવા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે નીટ અને જેઈઈ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવી ફરજિયાત બની ગઈ છે જેના પગલે ધો-૧૧ અને ૧૨માં શાળાકીય શિક્ષણ કરતા ટયુશન અથવા કોચીંગ કલાસીસનું મહત્વ વધી જવા પામ્યું છે. જેનો લાભ ઉઠાવી ટયુશન-કોચીંગ કલાસીસના સંચાલકો વાલીઓ પાસેથી ફી પેટે અધધ... નાણાં ખંખેરી રહ્યા છે. જો કે નીટ, જેઈઈ ઉપરાંત ગુજકેટ અને બોર્ડની પરીક્ષાઓના કારણે ટયુશન કે કોચીંગ કલાસીસની માંગ દિનપ્રતિદિન વધી રહી છે. આ પરીક્ષાએ હવે અગત્યનું સ્થાન લીધું હોવાથી કોચીંગ કલાસ ક્ષેત્રે મોટા સંચાલકોએ તેમની શાખાઓ એકથી વધુ રાજયોમાં અનેક શહેરો સુધી વિસ્તારવા માંડી છે.

સંચાલકોએ બોર્ડની પરીક્ષાની તૈયારીઓ સાથે જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરાવવાનો અભિગમ અપનાવી 'ડમી સ્કૂલ' જેવી પ્રથાઓ પણ શરુ કરાવી દીધી છે. જે મુજબ વિદ્યાર્થી સાંઠગાંઠમાં નક્કી કરેલ શાળામાં માત્ર નામ પુરતી હાજરી આપે અથવા વગર ગયે તેની હાજરી નોંધાઈ જાય અને તેઓનો અભ્યાસ કોચીંગ કલાસીસમાં કરાવવામાં આવે. આ કલાસીસમાં હરિફાઈ અને ફીનું પ્રમાણ વધતા પરિણામ ઊંચુ મેળવવાની હોડમાં વિદ્યાર્થીઓને દિવસ-રાત સતત મહેનત કરાવી વારંવાર ટેસ્ટ લેવડાવી વેઠીયા મજૂરની જેમ વૈતરું કરાવીને બોર્ડની પરીક્ષા તથા સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉંચુ પરિણામ પ્રાપ્ત કરવા પ્રયાસ કરાય છે. આ સાથે અમુક લેવલથી ઊંચા પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની ટયુશન ફીમાં મોટા વળતર આપવાની ઓફરો આપી વાલીઓ પણ બાળકો પર દબાણ રાખે તેવી સ્થિતિ પેદા કરવામાં આવી છે. સ્પર્ધાત્મક પરીક્ષાના કારણે ટયુશન-કોચીંગ કલાસ કરાવવા જરુરી બન્યા હોઈ વાલીઓએ પણ ના છૂટકે સારા કલાસીસમાં બાળકોને પ્રવેશ અપાવવા દોડધામ કરવા માંડી છે અને સંખ્યા ભરાઈ જાય તે પહેલા પ્રવેશ મેળવવા ઉધામા કરવા માંડયા છે, વળી, સારા કોચીંગ કલાસમાં પ્રવેશ મળે તે માટે ગ્રામીણ વિસ્તારના વાલીઓ ગાંધીનગર અને ગાંધીનગરના સંપન્ન વાલીઓએ અમદાવાદ તરફ મીટ માંડી છે. જયારે મોટા ખાનગી કોચીંગ કલાસીસની શાખાઓ પણ ગાંધીનગરમાં ખુલવા માંડી છે. આ શાખાઓમાં શિક્ષકોની ભર્તી કરવા નાના લોકલ ટયુશન કલાસીસના શિક્ષકોને મોટા પગારોની ઓફરો આપી ખેંચી લેવાની રમતો પણ શહેરમાં જોવા મળી રહી છે.

# જિલ્લામાં તરખાટ મચાવનાર બે ઘરફોડીયાઓ ઝડપાયા

## ચાર લાખના દાગીના અને ૬ લાખ રોકડ સ્કૂલબેગમાં ભરીને જતા બે શખ્સોને એલસીબીએ કલોલ પાસેથી પકડ્યા : ૧૦.૧૯ લાખનો મુદ્દામાલ રીકવર : ૮ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ કરીને તરખાટ મચાવતા બે શખ્સોને ગાંધીનગર એલસીબીની ટીમે ચોરેલા મુદ્દામાલ ભરેલી સ્કૂલ બેગ સાથે કલોલ પાસેથી દબોચી લીધા છે. પકડાયેલા બંને શખ્સો પાસેથી ઘરફોડ કરીને મેળવેલા સોના-ચાંદીના દાગીના તથા લેપટોપ સહીતનો રૂ. ૪,૦૬ લાખનો મુદ્દામાલ ઉપરાંત રૂ. ૬.૧૩ લાક રોકડ મુદ્દામાલ મળી કુલ રૂ. ૧૦.૧૯ લાખનો મુદ્દામાલ મળી આવ્યો છે. એલસીબીની ટીમે મુદ્દામાલ રીકવર કરી પુછતાછ શરૂ કરતા આઠ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયા હોવાનુ બહાર આવ્યુ છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત અને ટી.આર. ભટ્ટની ટીમો ઘરફોડીયાઓ પકડવા સક્રીય થઈ છે. ત્યારે હે. કોન્સ્ટેબલ રણજીતસિંહને મળેલી બાતમી આધારે એલસીબીની ટીમે કલોલ વિમા દવાખાના નજીક સર્વિસ રોડ પરથી બે શખ્સોને સ્કૂલબેગ સાથે પકડ્યા હતા. ગઈકાલે પકડાયેલ આ બંને મુળ પુનાનો અને હાલ છત્રાલ જીઆઈડીસી રહેતો મોહમદ સાકિબ સોકતઅલી અંસારી તથા સોહેલ અસલમખાન ઘરફોડીયા હોવાનુ જાણવા મળ્યુ હતુ. તેમની પાસેથી મળેલી સ્કૂલબેગમાં તપાસ કરતાં અંદરથી રૂ. ૬,૧૩,૪૦૦ રોકડ તથા કેમેરો, લેપટોપ, ઘડીયાળ, સોનાની ૩ લગડી, સોનાનો સેટ, બે જોડ ઈયરરીંગ, એક ચેઈન, ૩ બાલી, બે પેન્ડલ, પાંચ વીંટી, એક જોડ ઝુમર, ૩ બુટ્ટી, કાનની સેર તથા ચાંદીની ૭ લગડી અને એક વિંટી મળી આવી હતી. સ્કૂલ બેગમાંથી કુલ રૂ. ૧૦,૧૯,૫૪૧નો મુદ્દામાલ મળી આવતા સઘન પુછપરછમાં બહાર આવ્યુ કે આ બંને શખ્સોએ ઘરફોડ ચોરીઓ કરીને આ માલ મેળવ્યો હતો. ગાંધીનગર શહેરના સે. ૭ પોલીસ સ્ટેશનની હદમાંથી પ્લોટ નં. ૧૨૦૫/૧, વાવોલ જલદર્શન સોસાયટી, પેથાપુરની હદમાંથી રાંધેજામાં મારૂતીનંદન એવન્યુ તેમજ કલોલ શહેરમાં અશરા સોસાયટી, લક્ષ્મીનગર સોસાયટી, વર્ધમાન ફ્લેટ અને પાનસર ખાતે મળીને ગાંધીનગર જિલ્લામાં સાત ઘરફોડ કરી હોવાની કબુલાત કરી છે. તે ઉપરાંત અમદાવાદ નારણપુરામાં એક ઘરફોડ ચોરી મળીને કુલ ૮ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયા છે. પકડાયેલા બે શખ્સો પૈકી મોહમદ અંસારી વર્ષ ૨૦૧૩માં પુના ખાતે ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયો હતો. એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.






# ઉનાળાના પગલે સિવિલમાં ૩૦૦ કિલો વોટ વધુ વિજ વપરાશ થશે

## સામાન્ય દિવસોમાં ૫૦૦ થી ૭૦૦ કિલોવોટ વિજ વપરાશ થાય છે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સામાન્ય દિવસોમાં ૫૦૦ થી ૭૦૦ કિલો મેગા વોટ વિજ વપરાશ થાય છે. પરંતુ શહેરમાં ઉનાળાના પગલે પડી રહેલી અંગ દઝાડતી ગરમીના દિવસોમાં હોસ્પિટલમાં એસી, પંખા તેમજ પાણીના કુલરો સહિતના વિજ ઉપકરણોનો વપરાશ વધી ગયો છે. જેને અનુલક્ષી સામાન્ય દિવસો કરતા સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ કિલો વોટ વિજ વપરાશ વધુ જોવા મળે છે. જેથી ઉનાળાના વિજ બીલમાં સિવિલની તિજોરી પર લાખો રૂપીયાનું ભારણ પડશે.

શિયાળા તેમજ ચોમાસા કરતા સામાન્ય રીતે ઉનાળાની સિઝનમાં વિજ વપરાશ વધારો જોવા મળતો હોય છે. ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે ઉનાળામાં પણ દર વર્ષની જેમ ૩૦૦ કિલોવોટથી વધુ વિજ માંગ જોવા મળી રહી છે. શિયાળા અને ચોમાસા ૠતુમાં સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ થી ૭૦૦ કિલોવોટનો ઉપયોગ થાય છે. ત્યારે આ માસમાં પણ સિવિલ તંત્ર દ્વારા લાખો રૂપીયાનું બિલ ચુકવવામાં આવે છે. ત્યારે શહેરમાં ઉનાળાનો ધમાકેદાર પ્રારંભ થઈ ગયો છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. શહેરના માર્ગો પર બપોરના સમયે સુમસામ થઈ જાય છે. ત્યારે સિવિલમાં હોસ્પિટલમાં આવેલ ઓપીડી બિલ્ડીંગ, ઈન્ડોર બિલ્ડીંગ, તાત્કાલીક સારવાર વિભાગ સહિતમાં એસી, પંખા, ટયુબલાઈટ, વોટર કુલર સહિતના વિજ ઉપકરણોના વપરાશમાં તોંતિગ વધારો જોવા મળી રહ્યો છે. જેને પગલે સામાન્ય દિવસોમાં ૫૦૦ થી ૭૦૦ કિલોવોટ વિજ વપરાશ સિવિલમાં થાય છે ત્યારે ઉનાળાની સિઝનમાં ૧૦૦૦ કિલોવોટ વિજ વપરાશ થાય છે, એટલે કે ૩૦૦ કિલોવોટ વિજળીની માંગમાં વધારો થયો છે. ત્યારે ઉનાળામાં તોંતિગ વિજ બીલ આવતા સિવિલની તિજોરી પર લાખો રૂપીયાનું ભારણ વધશે. ત્યારે સિવિલમાં રામ રાજય હોય તેવું લાગી રહ્યું છે કેટલાક સ્થળો પર કારણ વિના લાઈટ, પંખા તેમજ એસી સહિતના ઉપકરણો ચાલુ હાલતમાં જોવા મળે છે. જો આ કામ પૂર્ણ થયા પછી અધિકારી-કર્મચારી દ્વારા તુરંત બંધ કરવામાં આવે તો વિજબિલમાં ચોક્કસ આંશિક ઘટાડો થઈ શકે છે.

# આજે તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું દ્વિવાર્ષિક અધિવેશન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સાધારણ સભા તા. ૧૪મી એપ્રિલ શનિવારના રોજ સવારે ૯ કલાકે સે-૧૩માં 'ચાણકય' ભવન ખાતે યોજાશે. આ પ્રસંગે સંસ્થાના ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા વડીલોનું સન્માન કરવામાં આવનાર છે.

'ચાણકય' ભવન ખાતે યોજાનાર આ દ્વિવાર્ષિક અધિવેશનમાં સમારંભના અધ્યક્ષપદે ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મણીભાઈ સુથાર ઉપરાંત મુખ્ય મહેમાનોમાં ગાંધીનગરના ધારાસભ્યો શંભુજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડા, ગુજરાત રાજય હિસાબ અને તિજોરી નિયામક ભરતસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સમારંભમાં દહેગામ, કલોલ, માણસા, પ્રાંતિજ, હિંમતનગર વગેરે તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ-મંત્રી ઉપસ્થિત રહેશે. સમારંભમાં ૭૦ વર્ષથી વધુના ૧૧૪ નિવૃત્ત કર્મચારીઓ તેમજ દાતાઓનું સન્માન કરાશે તેમજ પેન્શનરોના પ્રશ્નો અને સાતમા પગારપંચ અંગે માહિતી પુરી પાડવામાં આવશે. આ અધિવેશનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના સભાસદોને હોદ્દેદારો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સે-૨૮ ગાર્ડન પાસે ઘ-રોડ ઉપર કારની ટકકરે એકનું મૃત્યુ

## બેફામ જતી આઈ-૨૦ કારની ટકકરે બાઈક સવાર મહિલાનું ઘટના સ્થળે જ મૃત્યુ ભાભી-દિયર અમદાવાદથી ગાંધીનગર ખરીદી કરવા બાઈક પર આવ્યા હતા

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદના કાળીગામ વિસ્તારમાં રહેતા દિયર અને ભાભી આજે અમદાવાદથી બાઈક ઉપર ગાંધીનગર ખરીદી કરવા આવ્યા હતા સાથે ભત્રીજો પણ હતો. ઘ માર્ગ પર સે-૨૮ ગાર્ડન પાસેના વળાંક પાસેથી તેઓ બાઈક પર પસાર થઈ રહ્યા હતા દરમિયાન પાછળથી ધસમસતી આવતી આઈ-૨૦ કારે બાઈકને ટકકર મારતા બાઈક સવાર ભાભીનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈક ચાલક દિયર અને ભત્રીજો ઘાયલ થયા હતા. સે-૨૧ પોલિસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

અમદાવાદ કાળી ગામમાં રહેતા ૩૩ વર્ષીય સંગીતાબેન અશોકકુમાર મુસાફીરભાઈ યાદવ આજે સવારે તેમના દિકરા અને દિયર સાથે જીજે ૧ પી.યુ. ૩૨૯૧ નંબરના બાઈક પર ગાંધીનગર ખાતે કપડાની ખરીદી કરવા આવ્યા હતા. બપોરે પોણા ચાર વાગ્યાના અરસામાં ઘ માર્ગ પર સે-૨૮ ગાર્ડન પાસેના વળાંક નજીકથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે બેફામ ગતિએ ઘ માર્ગ પરથી આવી રહેલી જીજે ૧૮ બી.ડી. ૬૯૯૬ નંબરની આઈ-૨૦ કારે તેમના બાઈકને જબરદસ્ત ટકકર મારી હતી. આ અકસ્માતમાં બાઈક સવાર ત્રણેય ફંગોળાઈને પટકાયા હતા. જેમાં સંગીતાબેનને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. જયારે દિયર અને દિકરો ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાયા હતા. સે-૨૧ પીએસઆઈ એમ.આર. પાંડોર એ મૃતદેહ પી.એમ. કરાવી કાર ચાલક સામે ગુનો નોંધી તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.






# જુના સામાયિકના વેચાણનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

રાજય મધ્યસ્થ ગ્રંથાલય સેકટર-૧૭ ગાંધીનગર ખાતે તા.૧૫ના રવિવારના રોજ જુના સામાયિકના વેચાણનું આયોજન સવારે ૯ થી બપોરના ૨ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. જેનો લાભ નગરજનોને લેવા માટે ડૉ. પંકજ ગોસ્વામી દ્વારા જણાવાયું છે.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા વેકેશન કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ચિલ્ડ્રન યુનિવર્સિટી હંમેશા બાળકોના સર્વાંગી વિકાસ માટે તત્પર રહી છે. આ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને ખીલવવા તથા કલા પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ જળવાઈ રહે તેમજ વેકેશનમાં કલાના માધ્યમ થકી વિદ્યાર્થીઓની સર્જન શકિતનો વિકાસ થાય તે હેતુથી ધોરણ ૫ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે 'વોકલ મ્યુઝિક' અને 'ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ' વિષયમાં નિઃશુલ્ક વેકેશન કોર્સ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ ઉપરોકત ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને લેવા જણાવવામાં આવ્યું છે. પ્રવેશ મેળવવા માટે ચિલ્ડ્રન્સ યુનિ. પરિસર, સે-૨૦, ગાંધીગનર ખાતે રૂબરૂ અથવા ૯૫૭૪૫૮૧૧૮૨, ૯૯૨૪૭૭૬૨૪૫ નંબર પર સંપર્ક કરવા અથવા યુનિ.ની વેબસાઈટ www.cugujarat.ac.in પર લોગ ઈન ફોર્મ ડાઉનલોડ કરી સે-૨૦માં યુનિવર્સિટી ખાતે જમા કરવા જણાવવામાં આવ્યું છે.

# સે-૬-સીના રહીશો હજુ ડસ્ટબીનથી વંચિત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના સેકટરોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી ડોર ટુ ડોર જઈને ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું છે. જો કે શહેરની મધ્યમાં આવેલા સેકટર-૬-સીના વિસ્તારના રહીશો હજુ પણ ડસ્ટબીનથી વંચિત રહેવા પામ્યા છે. જેના પગલે રહીશોમાં અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. આ બાબતને અનુલક્ષીને સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા દ્વારા મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનરને લેખિત પત્ર લખી સત્વરે આ સમસ્યાને ઉકેલવા રજૂઆત કરી છે.

# લવારપુરના વડીલોએ શ્રવણ તીર્થ યાત્રા કરી



ગાંધીનગર, તા.૧૩

લવારપુરના વડીલો ઢળતી ઉંમરે જીવનને આનંદમય વિતાવવા સમયાંતરે અનેક વિવિધ પ્રવૃત્તિઓ કરી ધન્ય બની રહ્યા છે. તાજેતરમાં એક દિવસીય શ્રવણ તીર્થ યાત્રાનું ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં રાહત દરે વડીલોએ અમદાવાદ, ઊંઝા અને અંબાજીની યાત્રા કરી ખુશીઓ પ્રાપ્ત કરી હતી.

શ્રવણ તીર્થ યાત્રાનું આયોજન ગામના એન.આર.આઈ. રમણભાઈ પટેલે કરી વિગતો આપતા જણાવ્યું હતુ કે યાત્રાની શરૂઆત અમદાવાદ એસ.જી. હાઈવે ઉપરના જીવનસંધ્યા કુટીર વૃધ્ધાશ્રમની મુલાકાતથી કરવામાં આવી હતી. જયાં ૧૨૫ જેટલા વૃધ્ધોની ખુબ જ સંભાળ રાખવામાં આવે છે તેમજ તમામ પ્રકારની ઘર જેવી જ સવલતો ઉપલબ્ધ કરાય છે તેવું ત્યાંના સંચાલક ગોવિંદભાઈએ જણાવ્યું હતું. જેની મુલાકાત લઈ લવારપુરના ૧૦૩ વડીલો અભિભૂત બન્યા હતા. લવારપુર અને જીવન સંધ્યાના વડીલોની એક સભા આયોજીત કરી યોગામેન જે.સી. પટેલે સંચાલન હાથ પર લઈ મનોરંજન સાથે તંદુરસ્તીના પાઠ શીખવ્યા હતા. આ તીર્થયાત્રા ત્યાંથી ઊંઝા મુકામે પહોંચી હતી જયાં બપોરનું ભોજન લઈ આરામ કરી આ તીર્થયાત્રા અંબાજી મુકામે પહોંચી હતી જયાં માતાજીના દર્શન સાથે વિવિધ જોવા લાયક સ્થળોએ ફર્યા હતા અને મોડી રાત્રિએ સંગીત સંધ્યા કરતા કરતા આનંદ-મોજ થકી પરત ફર્યા હતા. વડીલોની આ પ્રવૃત્તિને ઘરના સભ્યો દ્વારા પણ પ્રોત્સાહીત કરાય છે અને જીંદગીની બચેલી તમામ ક્ષણોને મોજથી જીવી લેવાના અભરખા સ્પષ્ટ આ વડીલમાં વર્તાઈ રહ્યા છે.

## @ગાંધીનગર

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે સાંજે ૫.૩૦ કલાકે મળશે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા ડૉ. બાબા સાહેબની પ્રતિમા પાસે ડૉ. બાબા સાહેબની ૧૨૭મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે.

● સિનિયર સિટિઝન કાઉન્સીલ અને સે-૨ અર્બન હેલ્થ સેન્ટરના ઉપક્રમે વિના મુલ્યે સર્વ રોગ નિદાન શિબિર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨ના દવાખાના ખાતે યોજાશે.

● શ્રી કષ્ટ ભંજન ગોદડિયા હનુમાનજી મંદિર દ્વારા સુંદરકાંડ પાઠ સ્પર્શકેન્દ્ર સ્વાગત હોટલની સામે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિત દ્વારા ઘ-૧ બસ સ્ટોપ પાછળથી આંબેડકર જયંતિ નિમિત્તે સવારે ૮ કલાકે એકતા રેલી નીકળશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આ બાબતને અનુલક્ષીને મહાનગરપાલિકાના કાર્યાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓનું સ્વાગત હવે ચાને બદલે છાશથી કરવાનો મેયરે આદેશ આપ્યો છે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંગઠનના ભાવિ કાર્યક્રમોના આયોજન અંગે રણનીતિ ઘડવામાં આવી હતી.

● બહુચર્ચિત બનેલી બીટકોઈન કૌભાંડના આરોપીઓને પોલીસે ઝડપ્યા છે તેમનું મેડીકલ ચેકઅપ કરવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા.

● ચિલોડા પોલિસે એક કારમાંથી ત્રણ ઈસમો અને સર્કલ પાસેથી અન્ય ત્રણ ઈસમો મળીને છ ઈસમોને દારૂ પીધેલી હાલતમાં તથા એક ઈસમને બીયરના ૭ ટીન સાથે ઝડપી લીધા છે. આ તમામ સાતેય ઈસમો અમદાવાદના રહીશો છે જેમાંથી એક ઈસમે પત્રકાર હોવાનો દાવો કરતા તેનું કાર્ડ પણ તપાસ અર્થે પોલીસે જપ્ત કર્યું છે.

# આજે રાત્રે સે-૩-ન્યુ ખાતે ડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં તા.૧૪મી એપ્રિલ શનિવારે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે સેકટર-૩-ન્યુ ખાતે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી દ્વારા સંચાલિત આ ડાયરો સાંજે ૮.૩૦ કલાકે સે-૩-ન્યુના શોપીંગ સેન્ટર પાસેના હોળી ચોક ખાતે યોજાશે. ડાયરામાં અતિથિ વિશેષ પદે સુપ્રસિધ્ધ કલાકાર સતિષભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે. આ ડાયરામાં લોકગાયક રાજતરંગ રાજુભાઈ શ્રીમાળી, ભજન સમ્રાટ ચંદ્રકાન્તભાઈ પંડયા, લોકગીત-ભજનકાર સંધ્યાબેન પ્રજાપતિ શ્રોતાઓને મોજ કરાવશે. આ સાથે બેન્જા માસ્ટર રજનીકાંત મિસ્ત્રી, તબલા માસ્ટર કશ્યપ શ્રીમાળી અને મંજીરાનો માણીગર રમેશ રમકડું સંગીતનો તાલ પુરો પાડશે.

## ચિરવિદાય

- સ્વ. રંજનબેન હરેન્દ્રસિંહ વાઘેલા, ઉ.વ. ૫૭
- સ્વ. મોહનભાઈ મગભાઈ પરમાર, ઉ.વ. ૯૩
- સ્વ. મેહુલકુમાર લાલાજી ઠાકોર, ઉ.વ. ૧૮
- સ્વ. રણજીતસિંહ મોતીસિંહ રાઓલ, ઉ.વ. ૮૫